જૂનાગઢમાં વિરોધ વચ્ચે અંબાજી મંદિરના નવા મહંતની જાહેરાત

ગાદી મેળવવા સાધુ-સંતો-મહંતોના દાવપેચથી સેવકો સ્તબ્ધ, બ્રહ્મલીન મહંતના પરિવારજનોની આત્મવિલોપનની ચીમકી

(પ્રતિનિધિ દ્વારા) જુનાગઢ, તા. ૨૧

જુનાગઢ ગિરનારના ૫૦૦૦ પગથિયે બિરાજતા માઁ જગદંબા અંબાજી મંદિર અને જવાહર રોડ સ્થિત ભીડભંજન મહાદેવ મંદિરના મહંત મોટા પીર બાવા તનસુખગીરી લાંબી બિમારી બાદ બ્રહ્મલીન થયાની સાથે તેમની સમાધી આવતા સમયે જ ગાદી મેળવવા સાધુઓના બે જુથ સામસામે આવી ગયા છે. સમાધી વિધિ ગઇકાલે થતાની સાથે હરીગીરી (હરિદ્વાર) ભવનાથ મંદિરના મહંતે ધૂપ લોટની વિધી વખતે જ જુના અખાડાના પ્રેમગીરીની ચાદર વિધી કરી નાખી મહંત પદે તેમની નિમણુંક કરી દેતા હાજર રહેલા તનસુખગીરીના પરિવારજનો અને સેવકોએ ઉગ્ર વિરોધ સાથે સુત્રોચ્ચાર પ્રેમગીરી હાય હાયના નારા લગાવ્યા હતા અને આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારી ઉપરાંત નાના પીર બાવાના સંતો તથા પરિવારજનોની મહિલાઓએ છાતી કુટી છાજીયા લીધા હતા. માથા પછાડયા હતા. ભવનાથના મહંત અને હરિદ્વાર આશ્રમના ગાદીપતિ હરિગીરીએ જણાવ્યું છે કે વિરોધ તેની જગ્યાએ છે, રાષ્ટ્રપતિની ચૂંટણીમાં પણ વિરોધ થાય છે. કોઇ ધર્માચાર્યની ચૂંટણી સમયે પણ વિરોધ થાય છે. પ્રેમગીરીની નિમણુંક અંગે વરિષ્ઠ સંતોની હજુ સંમતી લેવામાં આવશે ત્યારબાદ કલેકટર સમક્ષ પ્રેમીગીરી મહંત તરીકે દાવો રજુ કરશે. પ્રેમગીરીના જણાવ્યા મુજબ આ જગ્યા ફૂકડની જગ્યા છે. નાગા સાધુઓની ગાદી છે, કોઇ સંસારી વ્યકિત આ ગાદી પર બેસી ન શકે, હવે આ જગ્યાનો વહીવટ બુધ્ધગીરી અને ઇન્દ્રભારતી દ્વારા જોવામાં આવશે. આ મામલે ઇન્દ્રભારતીના જણાવ્યા મુજબ તનસુખગીરી પાછળ કોઇ શિષ્ય ન હતો. અખાડાની પરંપરા મુજબ કોઇ શિષ્ય ન હોય તો અખાડો એક શિષ્ય બનાવ્યો છે, જુના અખાડાના રાષ્ટ્રીય અધ્યક્ષ પ્રેમગીરી મહારાજને શિષ્ય તરીકે ઘોષિત કર્યા છે. આ પરંપરા મુજબ પહેલા અખાડો નિર્ણય લે બાદ દરેક દાવો કરી શકે છે પરંતુ આખરી નિર્ણય કલેકટર દ્વારા દેવામાં આવશે. અને કલેકટર જ અંબાજી માતાજીના મહંત કોણ ? તેની સત્તાવાર નિમણુંક કરશે અને માન્ય રાખવામાં આવશે.

રાજકોટમાં ઓનલાઈન ગેમિંગ એપ કોલેજીયન યુવાનને ભરખી ગઈ

મોટી રકમ હારી જતાં યુવકે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યુ; મોબાઈલમાંથી મળી સ્યૂસાઈડ નોટ

પ્રતિનીધી દ્વારા

રાજકોટ તા. ૨૧

આધુનિક વિશ્વની ડિઝીટલ ક્રાંતિના આ બદલાઇ રહેલા યુગમાં પર પત્તાની રમત અને જુગાર સટ્ટાએ ઓનલાઇન ધાક જમાવવાની શરૂ કરી દીધી છે. જુગાર, સટ્ટો અને કસીનો જેવી પ્રવૃતિઓના વધી રહેલા ઓનલાઇન ચલણને કાબુમાં રાખવા માટે તંત્રની કેટલીક મર્યાદાઓને લઇને ઓનલાઇન જુગારના નિયંત્રણની મર્યાદા માટે હવે આવશ્યક વ્યવસ્થાની જરૂરીયાત ઉભી થઇ છે. ઓનલાઇન જુગારની બદીને કાબુમાં લેવાની હિમાયત અને આવશ્યકતાઓ પર સરકાર દ્વારા વિચારણા કરવામાં આવી રહી છે પરંતુ હજુ સુધી તે નકકર પ્રથાનો અમલ થયો નથી ત્યારે ઓનલાઇન જુગારની આ બદીને નાથવા માટેની મર્યાદાના કારણે ઓનલાઇન જુગાર કલચરનુ દુષણ દિવસેને દિવસે ફેલાતુ જઇ રહ્યુ છે. ઓનલાઇન ગેમીંગ એપ અને સાઇટ દ્વારા અનેક યુવાનો જુગાર, કસીનો અને ક્રિકેટ સટ્ટો રમે છે અને મોટી રકમ હારી જતા કોઇ રસ્તો ન મળતા આપઘાત કરી લે છે અને આવી ઘટનાઓ દિવસેને દિવસે સામે આવતી રહે છે ત્યારે રાજકોટ શહેરના જામનગર રોડ પર આવેલા નાગેશ્વર સોસાયટીના વર્ધમાન એપાર્ટમેન્ટ પાસે રહેતા ક્રિષ્ના રમાકાંત પંડીત નામના ૨૦ વર્ષીય યુવાને ગઇકાલે બપોરના સમયે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ સમયે તેમના પરીવારજનો ક્રિષ્નાના રૂમમાં પ્રવેશી બોલાવવા જતા ક્રિષ્ના લટકતી હાલતમાં જોવા મળ્યો હતો. આ સમયે દેકારો બોલી જતા પાડોશમાં રહેતા નવીનભાઇએ તુરંત ૧૦૮ને જાણ કરી હતી. ત્યારબાદ ૧૦૮ના ઇએમટી દિવ્યાબેન બારોટ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને ક્રિષ્ના પંડીતને મૃત જાહેર કર્યો હતો.

ત્યારબાદ યુવકના મૃત્યુની જાણ ગાંધીગ્રામ પોલીસ મથકમાં કરવામાં આવતા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ. રવિભાઈ વાસદેવાણી અને રાઇટર સહીતનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને કાગળો કરી ક્રિષ્ના પંડીતનો મૃતદેહ પીએમ માટે સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો. પોલીસ સુત્રોમાંથી જાણવા મળી રહ્યુ છે કે ક્રિષ્ના એક ભાઈ અને એક બહેનમાં મોટો હતો અને કોલેજના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતો હતો. તેમજ તેમની બહેન રીંકી ધો. ૧૨ માં અભ્યાસ કરતી હોવાનુ જાણવા મળી રહયુ છે. તેમજ તેમના પિતા રાજકોટ-અમદાવાદ હાઇવે પર આવેલી ખાનગી કંપનીમાં નોકરી કરે છે. ગઇકાલે તેમના પિતા કામ પર ગયા હતા અને માતા તેમજ બહેન બજારમાં ગયા હતા. તેઓ બપોરના સમયે ઘરે આવતા પુત્ર લટકતી હાલતમાં જોવા મળ્યો હતો. મૃતક ક્રિષ્ના પંડીતના મોબાઇલમાંથી એક સ્યુસાઈનોટ મળી આવી હતી જેમાં પોતે ઓનલાઇન ચાલી રહેલી ગેમીંગ એપમાં સટ્ટો રમતો હતો અને તેમાં મોટી રકમ હારી જતા કોઈને મોં દેખાડવાને લાયક ન રહેતા પોતે આ પગલુ ભરતો હોવાની પરિવારને સંબોધીને લખ્યુ હતુ. આ ઘટના મામલે હવે ગાંધીગ્રામ પોલીસ મથકના પીએસઆઈ પી. બી. વારોતરીયા તપાસ ચલાવી રહ્યા છે. આ ઘટનાથી મુળ બિહારનો પ્રજાપતિ પરિવાર શોકમાં ગરક થઇ ગયો છે.

ડેડાણ ગામને સાંકળતા એસટીએ ૧૫ રૂટ બંધ કરતા લોકો પરેશાન

નેતાઓ ફકત ચુંટણી ટાણે વચન આપે છે

(પ્રતિનિધિ દ્વારા) ડેડાણ તા. ૨૧

ડેડાણ ગામને એસટી બોર્ડ નિગમ દ્વારા એટલો બધો વિરોધ ભુતકાળમાં ડેડાણ વાયા થઇને ૩૦ એસટી બસ ચાલતી હતી. પરંતુ એસટીના મનસ્વી સતાધિશો આવ્યાને ડેડાણ વાયા જતી એસટી બસ રૂટો બંધ થઇ છે. ડેડાણ ગામને સાંકળતા એકી સાથે ૧૫ રૂટ બંધ કરી દિધા અને ડેડાણ ગામ પાસે જુનાગઢ કે ભાવનગર કે સુરેન્દ્રનગર કે જેતપુર કે ચોટીલા કે ધાર્મિક સ્થળ બગદાણા વિરપુર રણુજા અંબાજી શીરડી સાંઇબાબા આવા અનેક ધાર્મિક સ્થળ આવ્યા છે. ખાંભા તાલુકાનું મોટામાં મોટુ ગામ અને ૧૭૦૦૦ હજારની વસ્તી છતા રાજય સરકાર દ્વારા કોઇ સો ટકા સુવિધાથી વંચીત છે. નેતાઓ ચુંટણીમાં મોટા વચન આપે પછી કોઇ ઓળખતુ નથી.

સુરેન્દ્રનગર જિલ્લામાં સૌ પ્રથમવાર

ડ્રોનથી ગાંજાનુ વાવેતર પકડતી પોલીસ

અન્ય પાક વચ્ચે ગાંજો ઉભો કરાયો હતો

(પ્રતિનિધિ દ્વારા)

વઢવાણ તા.૨૧

સુરેન્દ્રનગર પોલીસ દ્વારા ડ્રોન કેમેરાથી ગાંજાનું વાવેતર ઝડપાયું છે જેમાં ગાંજાનું વાવેતર કરનાર એક શખ્સની પોલીસે ધરપકડ કરી છે.કપાસની આડમાં ગાંજાનું વાવેતર કરવામાં આવતું હતુ તો ધજાળાના નવાગામની સીમમાંથી આ વાવેતર ઝડપાયું છે. એલસીબીએ માલા ડાભી નામના શખ્સને ઝડપી પાડયો છે,૧.૧૦ લાખના મુદ્દામાલ સાથે એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

(તસવીર : રૂદ્રદત્તસિંહ રાઠોડ, વઢવાણ)

સુરેન્દ્રનગર એલસીબીએ ડ્રોન કેમેરાનો ઉપયોગ કરી ગાંજાનુ વાવેતર ઝડપી પાડયું છે આ વાવેતર કપસાની આડમાં કરાતુ હતુ તેવી માહિતી પોલીસને મળી હતી તો પોલીસે ડ્રોન કેમેરાની મદદ લીધી અને ગાંજાના છોડ ઝડપી પાડયા હતા,ધજાળા ગામની સીમમાંથી આ વાવેતર ઝડપી પાડવામાં આવ્યું છે.૫ નંગ અને ૧૧ કીલો વજન સાથે ૧.૧૦ લાખના મુદ્દામાલ સાથે માલાભાઇ ડાભીને ઝડપી લીધો છે.પોલીસે ડ્રોન કેમેરાથી ખેતરમાં સર્ચ કર્યુ તો વચ્ચોવચ ગાંજાનુ વાવેતર કેમેરામાં દેખાયું હતું જેને લઈ પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો.

સપ્તાહ અગાઉ પણ ગાંજો પકડાયો હતો

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલાના જાનીવડલા ગામની સીમમાથી લીલા ગાંજાના ૩૦ છોડ સાથે શખસ ઝડપાતા ચકચાર મચી જવા પામી છે. જેમાં સુરેન્દ્રનગર એસઓજી ટીમે રૂ. ૩,૬૩,૦૦૦ની કિંમતના ૩૬ કિલો ૩૦૦ ગ્રામ લીલા ગાંજા સાથે ઝડપી પાડી કાર્યવાહી હાથધરી હતી.સુરેન્દ્રનગર એસઓજી ટીમના પીઆઇ બી.એચ.શીંગરખીયાને પાક્કી બાતમી મળી હતી કે, ચોટીલા તાલુકાના રાજપરા ગામના ગોવિંદભાઇ ફુકાભાઇ રોજાસરા જાનીવડલા ગામની સીમમા આવેલા પોતાના ખેતરમા તુવેર તથા બીટી કપાસ જેવા પાકની આડમાં ગેરકાયદેસર ગાંજાના છોડનું વાવેતર કરેલું છે અને આ ગાંજાના છોડ તેઓએ વેચાણ માટે વાવેલા છે.

પોલીસ ગાંજાને લઈ સતર્ક

સુરેન્દ્રનગર જિલ્લામાં ગાંજાનું વધારે વાવેતર થાય છે જેને લઈ પોલીસ પણ સતર્ક બની છે સાથે સાથે પોલીસ દ્વારા અલગ-અલગ ખેતરોમાં ચેકિંગ પણ કરવામાં આવે છે જે વ્યકિતઓ ગાંજાનું વાવેતર કરે છે તેની સામે ગુનો પણ નોંધવામાં આવે છે,મહત્વનું છે કે અન્ય પાકની સાથે આ ગાંજાનું વાવેતર કરવાની નવી મોડસ ઓપરેન્ડી સામે આવી છે જેને લઈ પોલીસ પણ ચૌંકી ઉઠી છે.

રાજકોટના ભૂપગઢમાં વાડીએ સામાન ઉતારવાનું કહેતા શ્રમિક ઉપર સાળા-બનેવી સહિતના શખ્સનો હુમલો

ઇજાગ્રસ્ત યુવાન સારવારમાં ખસેડાયો; પોલીસ ફરિયાદ

પ્રતિનીધી દ્વારા

રાજકોટ તા. ૨૧

રાજકોટ શહેરના ભાગોળે આવેલા ભુપગઢ ગામે વાડીમાં આવેલી ગાડીમાંથી પતરા અને પાઈપ ઉતારવાનુ શ્રમિકે કહેતા સાળા-બનેવી સહિત ૩ શખ્સોએ શ્રમિક યુવાન પર હુમલો કરી બેફામ માર માર્યો હતો. આ મામલે આજીડેમ પોલીસે ૩ શખ્સો સામે ફરીયાદ નોંધી કાર્યવાહી શરૂ કરી છે.મળતી વિગતો મુજબ ભુપગઢ ગામે રહેતા વિપુલભાઈ છગનભાઈ રાઠોડ નામના યુવાનની ફરીયાદ પરથી વિષ્ણુ, તેને સાળો કનૈયા અને તેના સસરા સામે ગુનો નોંધવામાં આવ્યો છે. આજીડેમ પોલીસ મથકમાં કરેલી ફરીયાદમાં વિપુલભાઈએ જણાવ્યુ હતુ કે ગઈકાલે રાત્રીના સમયે તેઓ સાગર ભીમજીભાઈ ચાવડાની વાડીએ કામ કરતા હતા ત્યારે ત્યા ગાડીમાંથી પાઈપ અને પતરા ઉતારતા હતા તે સમયે મજુરી કરવા માટે સાગરભાઈ સાથે વિષ્ણુભાઈ આવ્યા હતા. તેઓને ગાડીમાંથી પાઈપ ઉતારવાનુ કહેતા તેઓને દુઃખ લાગતા ફોન કરી સસરા અને તેમના સાળાને બોલાવી લીધા હતા અને વિપુલને પાઈપ વડે ખભા ઉપર અને શરીરે માર માર્યો હતો તેમજ ઢીકાપાટુનો માર મારતા મુઢ ઈજા થતા વિપુલ ત્યાંથી ભાગીને થોડે દુર જઈ પોતાના ભાઈ સુભાષભાઈને જાણ કરતા ૧૦૮ ની મદદથી સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. આ મામલે આજીડેમ પોલીસે ત્રણેય આરોપીને શકંજામાં લેવા તજવીજ શરૂ કરી છે.

જામખંભાળીયાના ખીજદળ ગામે પત્ની સાથેના આડા સંબંધમાં યુવાનની હત્યા

પોલીસે આરોપીને ઝડપી લેવા ટીમ બનાવી : મૃતદેહને પીએમમાં ખસેડાયો

(તસવીર : કુંજન રાડિયા, ખંભાળિયા)

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૧

કલ્યાણપુર તાલુકાના ખીજદળ ગામે રહેતા એક અપરિણીત યુવાનને પરસ્ત્રી સાથે પ્રેમ સંબંધ હોય, જે અંગેનો ખાર રાખીને મહિલાના પતિએ યુવકનું તીક્ષ્ણ હથિયાર વડે ઢીમ ઢાળી દીધું હતું.

આ સમગ્ર બનાવની પોલીસ દફતરે જાહેર થયેલી વિગત મુજબ કલ્યાણપુર તાલુકાના ખીજદળ ગામે રહેતા વિરમદેવસિંહ કરણભા જાડેજા નામના ૩૦ વર્ષના અપરિણીત યુવાનને આ જ ગામના ચંદ્રસિંહ રતુભા જાડેજા નામના શખ્સની પત્ની સાથે પ્રેમ સંબંધ હોય, આ સંબંધની જાણ મહિલાના પતિને થઈ ગઈ હતી.

આ પછી આરોપી ચંદ્રસિંહ રતુભા જાડેજાએ કોઈપણ બહાને વિરમદેવસિંહને ગઈકાલે સાંજે પોતાની વાડીએ બોલાવ્યા હતા. અહીં આવેલા વિરમદેવસિંહ પર આરોપી ચંદ્રસિંહ જાડેજા મારક હથિયાર અને બોથડ વસ્તુ વડે તૂટી પડ્યો હતો. જેથી ગંભીર રીતે લોહી-લુહાણ હાલતમાં વિરમદેવસિંહએ અંતિમ શ્વાસ લીધા હતા.

આ સમગ્ર બનાવ અંગે મૃતકના મોટાભાઈ સંજયસિંહ કરણભા જાડેજા (ઉ.વ. ૩૪)ની ફરિયાદ પરથી કલ્યાણપુર પોલીસે ચંદ્રસિંહ રતુભા જાડેજા સામે હત્યા સહિતની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધ્યો છે. આ બનાવ બનતા ડી.વાય.એસ.પી. સાગર રાઠોડ તેમજ એલ.સી.બી. અને સ્થાનિક પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતદેહના પોસ્ટમોર્ટમ તેમજ આરોપીને ઝડપી લેવા માટે વિવિધ દિશાઓમાં તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

આ બનાવમાં આગળની તપાસ ઈન્ચાર્જ પી.આઈ. વી.આર. શુક્લ ચલાવી રહ્યા છે. હત્યાના આ બનાવે નાના એવા ખીજદળ ગામમાં ભારે ચર્ચા જગાવી છે.

સુ.નગરના ગુજકોમાસોલના ડિરેકટરનો પૌત્ર રેગીંગ કાંડનો આરોપી નીકળ્યો

પાટણની મેડીકલ કોલેજના રેગીંગ કાંડમાં નામ ખુલતા ચકચાર

(પ્રતિનિધિ દ્વારા)

વઢવાણ, તા. ૨૧

પાટણના ધારપુર ખાતેની મેડીકલ કોલેજમાં રેગીંગ કાંડમાં ધ્રાંગધ્રા ગ્રામ્યના પાટીદાર સમાજના એક યુવકનું મોત થયા બાદ ૧૫ વિદ્યાર્થી સામે પોલીસ ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરાઈ છે.ત્યારે સદર ગુનામાં પ્રથમ આરોપી માલવણના વતની અને સુરેન્દ્રનગર જિલ્લાના ગુજકોમાસોલના ડીરેકટરનો પૌત્ર હોવાનું સામે આવતા બન્ને એક જ વિસ્તાર અને એક જ સમાજના હોવા છતાંય રેગીંગકાંડમાં સામેલ હોવાનું સામે આવતા સમગ્ર જિલ્લામાં ચકચાર મચી ગઈ છે.બીજા જિલ્લા કે વિસ્તારમાં અભ્યાસ, નોકરી, લગ્ન કર્યા હોય કે રહેવા માટે ગયા હોય અને પોતાના જિલ્લાનું કોઈ મળી જાય તો આનંદ કાઈક અલગ જ હોય છે.

ત્યારે પાટણના ચકચારી રેગીંગ કાંડનો ભોગ બનેલો સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકાના જેસડા ગામના આશાસ્પદ પાટીદાર યુવક અનિલ નટવરભાઈ પટેલનું મોત થતા સમગ્ર પંથક સહિત રાજ્યભરમાં ચકચાર મચી ગઈ છે. એવામાં રેગીંગથી મોત થયેલ અનિલ અને ૧૫ આરોપીઓમાંનો પ્રથમ આરોપી અવધેશ અશોકભાઈ પટેલ બન્ને સુરેન્દ્રનગર જિલ્લાના તો ઠીક એક જ કડવા પાટીદાર સમાજના હોવાનું સામે આવતા ચકચાર મચી ગઈ છે. રેગીંગ કાંડનો કુલ ૧૫ પૈકી પ્રથમ આરોપી અવધેશ પટેલ સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના માલવણ ગામના રહીશ અને સુરેન્દ્રનગર જિલ્લામાંથી ગુજકોમાસોલના ડીરેકટર ઈશ્વરભાઈ નથુભાઈ પટેલનો જ પૌત્ર હોવાનું સામે આવ્યુ છે. આમ એક જ જિલ્લાના તો ઠીક એક જ પાટીદાર સમાજના અને આરોપી અવધેશ સિનિયર હોવા છતાંય મૃતક અનીલ પટેલને મદદ કરવાના બદલે રેગીંગ કરવામાં પ્રથમ હોવાનું સામે આવતા લોકોએ ભારે રોષ વ્યક્ત કર્યો છે.

આવા વિદ્યાર્થી લોકોની શું સારવાર કરશે ?

રેગીંગ કાંડનો આરોપી અવધેશ પટેલ પોતાના વિસ્તાર અને સમાજના ડોક્ટર બનવા આવેલા એકના એક પુત્ર હતો એવા આશાસ્પદ યુવક અનીલ પટેલને સાચવવા કે મદદ કરવાના બદલે પોતાના મિત્રો સાથે એટલી હદે હેરાન કર્યો કે મોત થયું તો આવા અવધેશ જેવા ડોક્ટર બને તો લોકોની શું સારવાર કરશે ?

વાંકાનેરઃ સિટી સ્ટેશન પાસે ટ્રેન હડફેટે યુવકનું મોત

મૃતક કાપડની ફેરી કરતો હતો

પ્રતિનીધી દ્વારા

વાંકાનેર,તા.૨૧

વાંકાનેરની રઘુનાથજી શેરીમાં રહેતા યુવકનું ગદ કાલે રાત્રે સિટી સ્ટેશન પાસે ટ્રેન હડફેટે મોત થતાં રેલ્વે પોલીસ દ્વારા અકસ્માત મૃત્યુ નોંધ કરી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગત અનુસાર વાંકાનેરની રઘુનાથજી શેરીમાં રહે સચિન સુરેશભાઈ ખત્રી ઉ.વ. ૪૪ ગઈ કાલે રાત્રે સિટી સ્ટેશન પાસે રેલવે ટ્રેક પર જતાં ઓખા ભાવનગર ટ્રેન હડફેટે મોત થયું હતું. મૃતક પરિણીત હોવાનું તથા કાપડન ફેરીનો વ્યવસાય કરતાં હોવાનું જાણવા મળ્યું છે. રેલ્વે પોલીસ દ્વારા આ બનાવની અકસ્માત મૃત્યુ નોંધ કરી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી છે.

ADITYA BIRLA CAPITAL — આદિત્ય બિરલા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

રજીસ્ટર્ડ ઓફિસ- ઇન્ડિયન રેયોન કમ્પાઉન્ડ, વેરાવળ, ગુજરાત- ૩૬૨૨૬૬ બ્રાન્ચ ઓફિસ- બીજો માળ, યોગી કોમ્પલેક્સ, ૧૫૦ ફૂટ રિંગ રોડ ઇન્દિરા સર્કલ પાસે, વસુંધરા ઓમકાર સોસાયટી મનહરપુરા ૧, માધાપર, રાજકોટ ગુજરાત-૩૬૦૦૦૫

પરિશિષ્ટ IV [સુરક્ષા હિત (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ (૧) જુઓ]

કબજાની નોટિસ (સ્થાવર મિલકત માટે)

અહીં નીચે સહી કરનાર **આદિત્ય બિરલા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ**ના સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨નું ૫૪) હેઠળ અને કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાના ઉપયોગ કરતા અધિકૃત અધિકારી છે. સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ મુજબ **તા.૦૯-૦૯-૨૦૨૪ના રોજ ડિમાન્ડ નોટિસ જારી કરીને કરજદારો ગણેશ કાંતિલાલ ધોળકિયા અને વસંત ભગવાનજીભાઈ વેકરિયાને આપેલી નોટિસમાં ઉલ્લેખિત રૂ.૧૨,૭૩,૧૧૨/- (રૂપિયા બાર લાખ તોતેર હજાર એકસો બાર માત્ર)** ઉપરોક્ત નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર કરજદારો રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા છે.

આથી કરજદારોને અને સામાન્ય રીતે જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારને તેમને આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણવેલ મિલકતનો કબજો મેળવ્યો છે. આ અધિનિયમની ૧૩(૪) કલમ હેઠળ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ સાથે **૧૮મી નવેમ્બર ૨૦૨૪**ના વાંચવામાં આવેલ છે.

ખાસ કરીને કરજદારોને અને સામાન્ય રીતે જાહેર જનતાને મિલકત સાથે વ્યવહાર ન કરવા માટે આથી સાવધાન કરવામાં આવે છે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર **આદિત્ય બિરલા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના ચાર્જ રૂ.૧૨,૭૩,૧૧૨/- (રૂપિયા બાર લાખ તોતેર હજાર એકસો બાર માત્ર)**ને આધિન રહેશે અને તેના પરનું વ્યાજ. અધિનિયમની કલમ ૧૩ની પેટા-કલમ ૮ની જોગવાઈઓ પર કરજદારોનું ધ્યાન દોરવામાં આવે છે. સુરક્ષિત મિલકતો રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમય અનુસાર.

સ્થાવર મિલકતનું વર્ણન

મિલકતની દરેક જગ્યા પાર્ટ અને પાર્સલ તે રહેણાંક બ્લોક નંબર ૨૧ની "જય ગણેશનગર" તરીકે ઓળખાતી જમીન, મોરબી ખાતે સ્થિત, Adm. ૬૩.૮૪ ચો. મીટર, પ્લોટ નંબર ૮પી અને ૯પીના R.S.નં. ૨૨ પૈકી ૧, ગામ ટંકીડી, પેટા જિલ્લો અને રજી. જિ.મોરબી ગુજરાત-૩૬૩૬૪૧ અને **સીમાઓઃ પૂર્વઃ** પ્લોટ નંબર ૭, **પશ્ચિમઃ** રોડ, **ઉત્તરઃ** બ્લોક નંબર ૨૦, **દક્ષિણઃ** બ્લોક નંબર ૨૨.

તારીખઃ ૧૮/૧૧/૨૦૨૪ અધિકૃત અધિકારી
સ્થળઃ રાજકોટ આદિત્ય બિરલા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

આધાર હાઉસીંગ ફાઈનાન્સ લીમીટેડ — Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નંબર ૮૦૨, નટરાજ રૂસ્તમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને એમ.વી. રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ – ૪૦૦૦૬૯.
જામનગર શાખાઃ ઓફિસ નં. ૪૦૧/એ, ચોથો માળ, સ્વસ્તિક એવેન્યુ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા નજીક, લાલબંગલો રોડ, જામનગર-૩૬૧૦૦૧

પરિશિષ્ટ ૪ કબજાની નોટીસ (સ્થાવર મિલકત માટે)

આથી નીચે સહી કરનાર **આધાર હાઉસિંગ ફાઈનાન્સ લીમીટેડ** (AHFL)ના અધિકૃત અધિકારી દ્વારા સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઑફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ અને સિક્યોરિટીના નિયમ ૩ સાથે વાંચવામાં આવેલી કલમ ૧૩(૧૨) (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨ હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ મુજબ પ્રામિની તારીખથી **૬૦ દિવસની** અંદર નોટિસમાં ઉલ્લેખિત રકમની ચુકવણી કરવા માટે નીચે દર્શાવેલ કરજદાર/જામીનદારોને કંપનીના અધિકૃત અધિકારી દ્વારા જારી કરાયેલ ડિમાન્ડ નોટિસ(ઓ) ઉક્ત નોટિસમાંથી. કરજદાર રકમની ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયા હોય, આથી કરજદાર/જામીનદાર(ઓ) અને સામાન્ય રીતે લોકોને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે તેને આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણવેલ મિલકતનો કબજો લીધો છે. અધિનિયમની કલમ ૧૩ની કલમ (૪) સુરક્ષા હિત અમલીકરણ નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ સાથે વાંચવામાં આવી છે. અધિનિયમની કલમ ૧૩ની પેટા કલમ (૮)ની જોગવાઈઓ, ઉપલબ્ધ સમયના સંદર્ભમાં, સુરક્ષિત મિલ્કત રિડીમ કરવા માટે લેનારાનું ધ્યાન દોરવામાં આવે છે. ખાસ કરીને કરજદાર અને સામાન્ય રીતે જનતાને આથી સાવચેતી આપવામાં આવે છે કે તે મિલકત સાથે વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર એએચએફએલના ચાર્જને આધીન રહેશે જે અહી દર્શાવેલ રકમ વ્યાજ સાથે રહેશે.

ક્રમ	કરજદાર(ઓ)/સહ-કરજદાર(ઓ)નું નામ (શાખાનું નામ)	સુરક્ષિત સંપત્તિનું વર્ણન (સ્થાવર મિલકત)	ડિમાંડ નોટીસની તારીખ અને રકમ	કબજાની તારીખ
1	(લોન કોડ નંબર ૧૨૯૦૦૦૦૧૦૮ / જામનગર શાખા) આરિફ સંઘાર (કરજદાર), હમીદા સંઘાર (સહ-કરજદાર) સદામ સત્તારભાઈ સંઘાર (જામીનદાર)	મિલકતની દરેક જગ્યા પાર્ટ અને પાર્સલ બેરીંગ, પ્લોટ નં.૩૪ પી સબ પ્લોટ નં.૩૪ દ મહાવીર નગર સલાયા રોડ, જામનગર-૩૬૧૩૦૫, ગુજરાત. **સીમાઓઃ** પૂર્વ- પ્લોટ નં.૩૭, પશ્ચિમ- સબ પ્લોટ નં.૩૪/૩ પછી આંતરિક રોડ, ઉત્તર- સબ પ્લોટ નં.૩૪/૫, દક્ષિણ- સબ પ્લોટ નં.૩૪/૭	12-08-2024 અને ₹ 3,92,807/-	19-11-2024

સ્થળ : ગુજરાત અધિકૃત અધિકારી
તારીખ : ૨૨.૧૧.૨૦૨૪ આધાર હાઉસિંગ ફાઈનાન્સ લીમીટેડ

RBL BANK apno ka bank — **આરબીએલ બેંક લિમિટેડ**

ઈ-હરાજી વેચાણ નોટિસ (સરફેઈસી એક્ટ, ૨૦૦૨ હેઠળ)

રજિસ્ટર્ડ ઓફિસઃ પહેલી શેરી, શાહુપુરી, કોલ્હાપુર-૪૧૬૦૦૧
કોર્પોરેટ ઓફિસઃ વન વર્લ્ડ સેન્ટર, ટાવર 2B, ૨૦મો માળ, ૮૪૧ સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ (પશ્ચિમ), મુંબઈ ૪૦૦ ૦૧૩

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ("સરફેઈસી એક્ટ") હેઠળ બેંકને વસૂલવામાં આવેલી જંગમ મિલકતના વેચાણ માટેની ઈ-હરાજી વેચાણ નોટિસ, પ્રોવિસો નિયમો ૬(૨) સાથે વાંચો સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૨ ("નિયમો")

અહીં સામાન્ય રીતે જાહેર જનતાને અને ખાસ કરીને કરજદાર, જામીનદાર અને/અથવા ગીરોને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ જ